ઔદ્યોગિક ન્યાયપંચ નં.૧ના પ્રિસાઈડિંગ અધિકારી શ્રી અશ્વિન દવે સમક્ષ,
વડોદરા.

## રેફરન્સ (આઇ.ટી) નં.૮૭/૨૦૧૪

<u>હાજર રહ્યાં:-</u>

પ્રથમ પક્ષકાર તરફે :- વકીલ શ્રી ડી.ડી.ઉમટ
બીજા પક્ષકાર તરફે :- વકીલ શ્રી આર.કે.દેસાઇ

**-: આંક-૧૮ હેઠળ હુકમ :-**

**૧.** સદર રેફરન્સ વિવાદના સંબંધિત કર્મચારીને નિમણૂંકથી ૧૮૦ દિવસની નોકરી પૂરી કરેથી ટાઇમ સ્કેલના પગાર ધોરણ તથા અન્ય લાભો ચૂકવી આપવા કે કેમ? તેના ન્યાયનિર્ણય અર્થે અત્રેના ઔદ્યોગિક ન્યાયપંચને સુપ્રત કરવામાં આવેલ છે.

૨. સદર કામે બીજા પક્ષકાર (કે જેને હવે પછીથી ટૂંકમાં **'અરજદાર'** તરીકે સંબોધેલ છે) દ્વારા આંક-૧૬ થી તેમનું માગણાનું નિવેદન રજૂ કરેલ છે. પ્રથમ પક્ષકાર (કે જેને હવે પછીથી ટૂંકમાં **'સંસ્થા'** તરીકે સંબોધેલ છે) દ્વારા આંક-૧૭ થી તેમનો લેખિત જવાબ રજૂ કરેલ છે.

૩. અરજદાર દ્વારા આંક-૧૮ થી અરજીમાં જણાવ્યા મુજબના દસ્તાવેજો કે જે સંસ્થાના કબજામાં છે અને હાલના કામે રજૂ થવા જરૂરી છે તેમ જણાવી સદર દસ્તાવેજો સંસ્થા હાલના કામે રજૂ કરે તે મુજબની દાદ માગેલ છે.

અરજદારની દસ્તાવેજોની માગણી કરતી અરજીનો લેખિત જવાબ સંસ્થા તરફે આંક-૧૯થી રજૂ કરેલ છે જેથી ટૂંકી હકીકત એવી છે કે અરજદારે કામ ડીલે કરવા અરજી આપેલ છે. નામ.વડી અદાલત દ્વારા જુદા જુદા કેસોમાં ચુકાદાઓ આપેલ છે. નામ. વડી અદાલતના તારણો વિરૂદ્ધ અરજદારે દસ્તાવેજો માગતી અરજી રજૂ કરેલ છે જે રદ થવાને પાત્ર છે. સંસ્થા

પાસે જૂનો રેકર્ડ પ્રાપ્ય નથી. સંસ્થા અરજદારની દસ્તાવેજોની માગણી કરતી અરજી રદ કરવા જણાવે છે.

૪. અરજદારની દસ્તાવેજોની માગણી કરતી અરજી પરત્વે અરજદાર તરફે વકીલ શ્રી આર.કે.દેસાઇ તથા સંસ્થા તરફે વકીલ શ્રી ડી.ડી.ઉમટને સાંભળ્યાં.

૫. (એ) અરજદારે તેમની અરજીના ક્રમ નં.૧ પર ગોધરા વિભાગ ખાતે કુલ મંજૂર થયેલ ડ્રાઇવરની જગ્યાની માગણી કરેલ છે. મંજૂર થયેલ જગ્યા સંસ્થાનો કાયમી રેકર્ડ હોય સદર દસ્તાવેજો રજૂ કરવા સંસ્થાને જણાવવામાં આવેલ છે.

(બી) અરજદારે તેમની અરજીના ક્રમ નં.૨ પર સંસ્થામાંથી બરતરફ, ગેરહાજર, રાજીનામુ, નિવૃત્તિ કે અન્ય રીતે નોકરીમાંથી છૂટાં થયેલ ડ્રાઇવરની સંખ્યા તેમજ ડ્રાઇવરની નિમણૂંક પામેલ પરંતુ અન્ય જગ્યાએ તે કામદારનો ઉપયોગ કરવામાં આવતો હોય તેના દસ્તાવેજોની માગણી કરેલ છે. સંસ્થામાંથી બરતરફ, ગેરહાજર, રાજીનામુ, નિવૃત્તિ કે અન્ય રીતે નોકરીમાંથી છૂટાં થયેલ ડ્રાઇવરની સંખ્યા સંસ્થા પાસે હોય સદર દસ્તાવેજો રજૂ કરવા પૂરતી અરજદારની માગણી મંજૂર કરવામાં આવે છે. અન્ય દસ્તાવેજો રજૂ કરવાની માગણી નામંજૂર કરવામાં આવે છે.

(સી) અરજદારે તેમની અરજીના ક્રમ નં.૩ પર ડેપો વાઇઝ શિડ્યૂલ તેમજ ક્રૂ ડ્યૂટિમાં ન હોય પરંતુ સંચાલિત થતાં હોય તેવા શિડ્યૂલની સંખ્યાની માગણી કરેલ છે. મંજૂર થયેલ શિડ્યૂલની સંખ્યા સંસ્થા પાસે હોય સદર દસ્તાવેજો રજૂ કરવા પૂરતી અરજદારની માગણી મંજૂર કરવામાં આવે છે. અન્ય દસ્તાવેજો રજૂ કરવાની માગણી નામંજૂર કરવામાં આવે છે.

(ડી) અરજદારે તેમની અરજીના ક્રમ નં.૪ પર ગોધરા વિભાગમાં ભરતી થયેલ ડ્રાઈવરની યાદી  તેમજ તે યાદીમાંથી હાજર થયેલ ડ્રાઈવરની યાદી તેમજ ફરજ પર હાજર થયેલ ડ્રાઈવરની સિનિયોરિટી યાદી તેમજ આ ડ્રાઈવરને ટાઈમ સ્કેલ પર લેવાયા અંગેના હુકમોની માગણી કરેલ છે. સંસ્થાએ ગોધરા વિભાગમાં ભરતી થયેલ ડ્રાઈવરની યાદી  તેમજ ડ્રાઈવરની સિનિયોરિટી યાદી તેમજ આ ડ્રાઈવરને ટાઈમ સ્કેલ પર લેવાયા અંગેની તારીખ હાલના કામે રજૂ કરવી. અન્ય દસ્તાવેજો રજૂ કરવાની માગણી નામંજૂર કરવામાં આવે છે.

(ઈ) અરજદારે તેમની અરજીના ક્રમ નં.૫ પર ગોધરા વિભાગમાં ભરતી કર્યાબાદ અન્ય વિભાગમાં મોકલેલ હોય તેમજ આવા ડ્રાઈવરને પરત ગોધરા વિભાગમાં લાવ્યા હોય તે અંગેના દસ્તાવેજોની માગણી કરેલ છે.

અરજદારે તેમની અરજીના ક્રમ નં.૭ પર દાખલ થયેલ પરંતુ લોન પર અન્ય વિભાગમાં મોકલેલ હોય તેવા ડ્રાઈવરના નામ તેમજ તેઓને ટાઈમ સ્કેલમાં લીધાંની તારીખના હુકમો રજૂ કરવા જણાવેલ છે.

અરજદારે ક્રમ નં.૮ થી ગોધરા ખાતે કાયમી ડ્રાઈવરની સંખ્યાની માગણી કરેલ છે.

અરજદારે ક્રમ નં.૯ થી ગોધરા ખાતે ભરતી થયેલ ડ્રાઈવરને એ.ટી.આઈ. તરીકે આપેલ બઢતીની સંખ્યાની માગણી કરેલ છે.

અરજદારે ક્રમ નં.૧૦ થી વિવાદના કર્મચારીની હાજરીના દિવસોની સંખ્યાની સંખ્યાની માગણી કરેલ છે.

અરજદારની વિવાદની માગણી ધ્યાને લેતાં અરજદાર દ્ધારા ક્રમ નં.૫,૭,૮,૯,૧૦ પર માગણી કરેલ દસ્તાવેજો હાલના કામના ન્યાયનિર્ણય

માટે સુસંગત તથા જરૂરી ન હોય સદર દસ્તાવેજો રજૂ કરવાની માગણી નામંજૂર કરવામાં આવે છે.

(એફ)અરજદારે તેમની અરજીના ક્રમ નં.૬ પર ગોધરા વિભાગમાં બદલી થઇને આવેલ ડ્રાઇવરની સંખ્યા તેમજ તેમની નિમણૂંકની તારીખ અને ટાઇમ સ્કેલ પર લેવાયેલ તારીખ અંગેના દસ્તાવેજોની માગણી કરેલ છે.

અરજદારની ક્રમ નં.૪ પરની માગણી મંજૂર કરેલ હોય અરજદારે માગેલ દસ્તાવેજો રજૂ કરવાની માગણી નામંજૂર કરવામાં આવે છે.

૬. સંસ્થાએ આ હુકમના પેરા–૫ માં ઉલ્લેખ કરેલ દસ્તાવેજો હાલના કામે રજૂ કરવા અથવા સદર દસ્તાવેજો ઉપલબ્ધ ન હોય તો આ દસ્તાવેજોની ઉપલબ્ધતા અંગેનું સોગંદનામુ રજૂ કરવું. અરજદારે તેમની દસ્તાવેજોની માગણી કરતી અરજીમાં માગેલ દસ્તાવેજો તા.૧–૧–૨૦૦૦થી તા.૩૧–૧૨–૧૦ સુધીના સમયગાળા માટેના છે. આ સંજોગોમાં સદર અરજીના ન્યાયનિર્ણય તબક્કે રજૂ કરવાપાત્ર થતાં દસ્તાવેજ આ સમયગાળા પૂરતાં રજૂ કરવાના રહેશે. સદર કામે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>– : હુકમ :–</u>**

૧. અરજદારની આંક–૧૮ની દસ્તાવેજોની માગણી કરતી અરજી અંશતઃ મંજૂર કરવામાં આવે છે.

૨. પ્રથમ પક્ષકારે આ હુકમના પેરા–૫માં જણાવેલ તા.૧–૧–૨૦૦૦ થી તા.૩૧–૧૨–૧૦ સુધીના સમયગાળા માટેના દસ્તાવેજો હાલના કામે રજૂ કરવા અથવા સદર દસ્તાવેજો ઉપલબ્ધ ન હોય તો આ દસ્તાવેજોની ઉપલબ્ધતા અંગેનું સોગંદનામુ રજૂ કરવું.

૩. અરજદારે ક્રમ નં.૫,૬,૭,૮,૯,૧૦ પર માગણી કરેલ દસ્તાવેજોની માગણી રદ કરવામાં આવે છે.

૪. સદર કામની હવે પછીની સુનાવણી તા.૨૫–૧૦–૧૭ના રોજ હાથ ધરવામાં આવશે.

૫. ખર્ચ અંગે કોઇ હુકમ નથી.

૬. સદર હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા.૧૬–૦૯–૨૦૧૭
સ્થળ: વડોદરા

(અશ્વિનકુમાર અનિલકુમાર દવે)
જજ કોડ: જીજે૦૦૭૭૬
પ્રિસાઈડિંગ ઓફિસર
ઔદ્યોગિક ન્યાયપંચ નં.૧,
વડોદરા

એસ.જી.ખેંગાર, પીપીએસ